ગાંધીનગર સમાચાર

**ડુંગરી-ગરાસિયા સમાજભવનના નિર્માણ માટે ભૂમિપૂજન કરાયું**



# ઘ-૫ થી ઘ-૪ માર્ગ પર વિકસતુ નાનું મીના બજાર

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેરનો રાજમાર્ગ ગણાતો 'ઘ' માર્ગ વેપારીઓ માટે હોટ ફેવરીટ બન્યો છે. ઘ-૫ થી ઘ-૪ તરફના માર્ગ પર વેપારીઓ દ્વારા વિવિધ ચીજવસ્તુનું વેચાણ કરવામાં આવે છે. આ માર્ગે શહેરનું નાનું મીના બજાર બનતું જાય છે.

ગાંધીનગર શહેરના જુના સચિવાલય ખાતે આવેલ મીના બજાર વિવિધ ચીજ વસ્તુના વેચાણ માટે નગરજનોના મનમાં વસેલું છે. ઘરની નાની મોટી જીવન જરૂરીયાતની દરેક ચીજવસ્તુ સહિત કપડાનું બજાર અહીં ધમધમે છે. પરંતુ સમય જતાં મીના બજારનો ચાર્મ નગરજનોમાંથી ઘટી રહ્યો છે. તેમજ મીના બજારમાં કાપડના વેપારમાં વેપારીઓની સંખ્યા ખુબ મોટી બની ગઈ છે ત્યારે શહેરના ઘ-૫ થી ઘ-૪ તરફના માર્ગ પર લીમડાના છાંયડે બેસી વેપાર કરતાં વેપારીઓની સંખ્યા દિન પ્રતિદિન વધી રહી છે. શર્ટ, ટી શર્ટ, પેન્ટ, નાઈટવેર, બહેનો માટે ડ્રેસ, કુર્તા, લેગીન્સ, પર્સ, સહિત નાના બાળકો માટેના કપડાનું વેચાણ અહીંયા થાય છે. નગરના શહેરીજનો પણ આ સ્થળે ઉભા રહી ખરીદી કરતા નજરે પડે છે. મોંઘવારીમાં શહેરની દુકાનોના મોંઘા ભાડા નહીં પરવડતાં વેપારીઓ માર્ગની બાજુમાં બેસી પોતાનો વેપાર કરી રહ્યા છે. નગરના 'ઘ' માર્ગ પર આવનાર સમયમાં નાનું મીનાબજાર જોવા મળે તો નવાઈ નહીં.



**(તસવીર : કશ્યપ નિમાવત)**

## @ગાંધીનગર

● વાસણ ખાતે બાપુ ગુજરાત નોલેજ વિલેજમાં સવારે ૯-૦૦ કલાકે રેડક્રોસ સોસાયટીના સહયોગથી રકતદાન શિબિર યોજાશે.

**- નજાહખાનમ સૈયદ**

## નાની દશકોશી અઢાર ગામ વણકર સમાજે રમણભાઈ વોરાને જન્મદિનની શુભેચ્છા પાઠવી

ગાંધીનગર, તા.૨૮

ગુજરાત રાજયના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના કેબીનેટ કક્ષાના મંત્રી રમણભાઈ વોરાના ૬૪માં જન્મદિન નિમિત્તે નાની દશકોશી વણકર સમાજ ગાંધીનગરના દશરથલાલ પરમાર, મહેશભાઈ ગોહીલ, અમીતભાઈ રાઠોડ, સુરેન્દ્રનગર વણકર સમાજના મહામંત્રી જીવણલાલ સિંઘવ, જશવંતભાઈ અમીન સહિત સર્વે હોદ્દેદારોએ બુકે તેમજ પુષ્પગુચ્છ આપી શુભેચ્છા પાઠવી હતી.

## ગાયત્રી મંદિર ખાતે નિઃશુલ્ક ધ્યાન શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૨૮

દિવ્યજીવન સંઘ તથા ગાયત્રી શકિતપીઠના સંયુકત ઉપક્રમે આગામી તા. ૧થી ૧૦ ઓકટોબર દરમિયાન સે-૧ ખાતે સવારે ૭થી ૮.૧૫ કલાક દરમિયાન યોગ ધ્યાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં યોગાસન, પ્રાણાયામ, ધ્યાન ઉપરાંત યોગ દ્વારા તણાવ નિયંત્રણ, સાચું શ્વસન સહિત વિવિધ બિમારીઓમાં ઉપચાર માટે તથા રોકવા માટેના આસનો, પ્રાણાયામ, શારિરીક માનસિક આરોગ્યનું પ્રશિક્ષણ આપવામાં આવશે. યોગ ધ્યાન શિબિરનો લાભ લેવા નગરજનોને અનુરોધ કરવામાં આવ્યો છે.

## આજથી સે-૨૦ ખાતે ગણિત-વિજ્ઞાન પ્રદર્શનનો પ્રારંભ

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર જિલ્લા શિક્ષણ તાલીમ ભવન, જીસીઈઆરટી તેમજ શાસનાધિકારી કચેરી, ગાંધીનગર શહેરના સંયુકત ઉપક્રમે સેકટર-૨૦ પ્રાથમિક શાળા નં.-૧ ગાંધીનગર ખાતે પ્રાથમિક શાળાઓ તથા ખાનગી પ્રાથમિક શાળાઓના ગણિત-વિજ્ઞાન પ્રદર્શન ૨૦૧૫નું તા. ૨૯, ૩૦ સપ્ટેમ્બરના રોજ બે દિવસીય આયોજન કરવામાં આવ્યુંછે. તા. ૨૯ સપ્ટેમ્બરના રોજ બપોરે ૩.૩૦ કલાકે દિવ્યાંશુ દવે કુલપતિ, ચિલ્ડ્રન યુનિ. ગાંધીનગરના હસ્તે કરવામાં આવશે.

# ડુંગરી-ગરાસિયા સમાજભવનના નિર્માણ માટે ભૂમિપૂજન કરાયું

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરના ડુંગરી ગરાસિયા સમાજ દ્વારા આલમપુર મુકામે રવિવારે સવારે ૯ કલાકે યોજાયેલ આ ભૂમિ પૂજનમાં જિલ્લા વિકાસ અધિકારી-ડૉ.



સમાજભવનના નિર્માણનું ભૂમિપૂજન-ખાતમુહુર્ત યોજવામાં આવ્યું હતું. સમાજના યુવાનોને તાલીમ-રોજગારી અર્થે લાંબા સમયથી ડુંગરી ગરાસિયા સમાજને સમાજભવનની જરૂરિયાત જણાતી હતી જે હવે નજીકના ભવિષ્યમાં પરિપૂર્ણ થશે. એમ.ડી. મોડિયા, ધારાસભ્યો ડૉ. અનિલ જોષીયારા અને અશ્વિન કોટવાલ, ડુંગરી ગરાસિયા સમાજ પંચના પ્રમુખ ધુળજીભાઈ ગામેતી, ગાંધીનગરની ડુંગરી ગરાસિયા સેવા સમાજ ટ્રસ્ટના પ્રમુખ ડૉ. કે.એન. બામણિયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં વિજયનગર, ખેડબ્રહ્મા, ભિલોડા, મેઘરજ અને અમદાવાદથી પણ મોટી સંખ્યામાં ડુંગરી ગરાસિયા સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં. સમારંભના અધ્યક્ષ ડૉ. એમ.ડી. મોડીયાએ પાટનગર ખાતે સમાજના યુવાનો માટે તાલીમ-રોજગાર સંદર્ભે સમાજભવનની જરૂરિયાત દર્શાવતા સમાજના તમામ કર્મચારી અધિકારી વર્ગને એક મહિનાનો પગાર દાન આપવા અનુરોધ કર્યો હતો જેથી ૨૦૧૮ સુધીમાં સમાજભવનનું બાંધકામ પૂર્ણ કરવાનું લક્ષ્ય હાંસલ થઈ શકે. વિવિધ અગ્રણીઓએ પણ તેમની વાતમાં સુર પુરાવ્યો હતો. કાર્યક્રમનું સંચાલન સમાજના પૂર્વ પ્રમુખ નામદેવ વરસાત દ્વારા કરાયું હતું તેમજ કાંતિભાઈ ડામોરે આભારવિધિ કરી હતી.

# સે-૩૦માંથી બાઈક ચોરાયું

શહેરના સે-૩૦માં ઘર આંગણે પાર્ક કરેલ બાઈક મોડી રાત્રે કોઈ ચોર ઈસમો ઉઠાંતરી કરી જતા બાઈક માલિક બાઈક ચોરી અંગે સે-૨૧ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. આથી પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

શહેરના સે-૩૦માં આવેલા બ્લોક નં. ૮૫૩/૬ 'જ' ટાઈપ ખાતે પુરનસિંહ ભીમસિંગ ચૌહાણ પોતાના પરિવાર સાથે રહે છે. અને ગત રોજ પોતાના ઘર આગળ પોતાની માલિકીનું બાઈક નં. જીજે-૧૮-કેપી- ૩૨૫૧ પાર્ક કર્યું હતું. દરમિયાન મોડી રાતે કોઈ અજાણ્યા ચોર ઈસમ બાઈક ચોરી પલાયન થઈ ગયા હતા. આ સંદર્ભે સે-૨૧ પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# 'ગાંધીની લાકડી' વિષયે ગુણવંત શાહનું વ્યાખ્યાન

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરની ગુજરાત સાહિત્ય અકાદમી તથા ઓમ કોમ્યુનિકેશનના સંયુકત ઉપક્રમે તા. ૨જી ઓકટોબર શુક્રવારે સાંજે ૫ કલાકે આત્મકથાકાર-નિબંધકાર-સામયિક સંપાદક મોહનદાસ કરમચંદ ગાંધીની ૧૪૭મી જન્મજયંતિએ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ અમદાવાદની ગુજરાતી સાહિત્ય પરિષદના રા.વિ. પાઠક સભાગૃહ ખાતે યોજાશે. જેમાં ચિંતક ગુણવંત શાહ 'ગાંધીની લાકડી' વિષય પર વ્યાખ્યાન આપશે.

ઓમ કોમ્યુનિકશન દ્વારા છેલ્લા બે વર્ષથી દર મહિને સાહિત્યકાર, કવિ વગેરેના જન્મદિન-પુણ્યતિથિએ વ્યાખ્યાનનું આયોજન



કરવામાં આવે છે. આજની યુવા પેઢીને સાહિત્યકારોના સર્જન પર વિશેષ દૃષ્ટિ પડે તે હેતુથી આ પ્રકારના કાર્યક્રમો નિયમિત યોજવામાં આવે છે. મોહનદાસ ગાંધીની ૧૪૭મી જન્મતિથિએ આયોજિત વ્યાખ્યાનમાં 'ગાંધીની લાકડી' વિષયે જાણીતા ચિંતક-લેખક ગુણવંત શાહ વ્યકતવ્ય આપશે. કાર્યક્રમના પ્રારંભે ભદ્રા સવાઈ સર્વધર્મ પ્રાર્થનાનું ગાન કરશે ત્યારબાદ ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ કવિ ભાગ્યેશ જહા સ્વાગત ભૂમિકા ઉપરાંત વકતા પરિચય પ્રસ્તુત કરશે. આ કાર્યક્રમ તમામ ભાષા પ્રેમી અને સાહિત્ય રસિક જનતા માટે નિઃશુલ્ક રાખવામાં આવ્યો છે.

## વાતવાતમાં

● સે-૩-ડીના રામેશ્વર મંદિરની બાજુમાં વહેલી સવારે એક અખબાર વિતરક તેમના કામમાં મશગુલ હતા ત્યારે એક આખલાએ છાપાના બંડલ પર દાનત બગાડી હતી. પેલા વિતરકનું ધ્યાન દોરાય ત્યાં સુધીમાં આખલાએ તો બે ત્રણ અખબાર ચાવી જઈને તેમની બોણી બગાડી હતી.

● સવારે ચ-૨ સર્કલ નજીક એક એસટી બસને પાછલા ટાયરમાં પંકચર પડયું હતું તેથી અટવાયેલા મુસાફરોને અન્ય બસમાં શીફટ કરાયા હતા. એસટી તંત્રની ખખડધજ બસોની છાશવારે સર્જાતી યાંત્રિક ખામીઓથી હવે મુસાફરો ટેવાતા જાય છે.

● ઘ-૪ સર્કલ પાસે ઉદ્યોગભવન નજીક રોડ પર પડેલો ખાડો વાહનચાલકોને પરેશાન કરી રહ્યો છે. જયાં સુધી તંત્રને આ ખાડો દેખાય અને તેનો ઉપાય કરાય ત્યાં સુધી ત્યાંથી સંભાળીને પસાર થવા સલાહ છે.

● નગરમાં ડબલ ઋતુની પરિસ્થિતિ સર્જાઈ છે જેના કારણે વહેલી સવારે શિયાળો અને બપોરે ઉનાળો વર્તાય છે. સવારે ઠંડીમાં કસરત કરનારા નગરજનો બપોરે એસીમાંથી બહાર નથી નીકળી શકતા.

**- સમીર રામી**
**૯૯૨૪૪૪૬૬૪૫**

# ગાંધીનગરમાં ગણેશ વિસર્જને ફાયર બ્રિગેડે પાણીમાં ડુબતા ૧૦ યુવાનોને બચાવ્યા

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેરમાં ગણેશ ચતુર્થીનું પર્વ પૂર્ણ થતા અનંત ચૌદશના દિને ગાંધીનગર શહેર પાસેથી પસાર થતી સાબરમતી નદીમાં ઠેર ઠેર ગણેશ વિસર્જનના કાર્યક્રમ યોજાયા હતા ત્યારે જિલ્લા ફાયર બ્રિગેડની ટીમે વહેલી સવારથી સાંજ સુધી ખડેપગે સેવા આપી ૧૦ જેટલા ભાવિકોને મોતના મુખમાંથી બચાવી સરાહનીય કામગીરી કરી હતી અને કોઈકના કુળદિપકોને બુઝાતા બચાવી લીધા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર શહેરમાં ગણેશ ચતુર્થી પર્વે ઠેર ઠેર ગણપતિદાદાની મૂર્તિની ભકતિભાવ પૂર્વક સ્થાપના કરવામાં આવી હતી. શ્રધ્ધાળુએ ૧૦ દિવસ ભગવાન દુંદાળા દેવની પૂજા અર્ચના કરી ધાર્મિકતાનો લાભ લીધો અને અને બાદમાં ગત રોજ અનંત ચૌદશે ગાંધીનગર પાસેની સાબરમતી નદીમાં દુંદાળા દેવનું વિસર્જન કરવામાં આવ્યું હતું. વિસર્જનના દિને વહેલી સવારથી ગાંધીનગર જિલ્લા ફાયર બ્રિગેડની ટીમના ફાયર ઓફિસર મહેશ મોઢ અને અન્ય કર્મીઓ ગૌતમ પટેલ, આનંદ બારીયા, સુરેશ વાઘેલા અને સંદિપ પારગી એ ધોળેશ્વર મહાદેવ પાસે નદીના પટમાં ખડે પગે સેવા આપી હતી. આ દરમિયાન ભકિતમાં લીન બનેલા ગણપતિના શ્રધ્ધાળુએ વિસર્જન કરતા કેટલાક શ્રધ્ધાળુઓના પાણીમાં ડુબવાના બનાવો બન્યા હતા. જેમાં ફાયરની ટીમે સરાહનીય કામગીરી કરી ૧૦ જેટલા પાણીમાં ડુબતા શ્રધ્ધાળુઓને બચાવી લીધા હતા.

# સે-૧૭માં ધોળે દિવસે મહિલાના ગળામાંથી સોનાનો દોરો ખેંચાયો

ગાંધીનગર, તા.૨૮

શહેરના સે-૧૭માં ધોળે દિવસે રહેણાંક વિસ્તારમાં બાઈક પર આવેલા બે શખ્સો મહિલાના ગળામાં રહેલો સોનાનો દોરો ખેંચી પલાયન થઈ ગયા હતા. આ સંદર્ભે સે-૨૧ પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર શહેરમાં સતત ગુનાઓનું પ્રમાણ વધી રહ્યું છે. ચોરી, લુંટ, ચેઈન સ્નેચીંગ, મારામારી, વાહન ચોરી જેવા ગુનાઓ દરરોજ બની રહ્યા છે અને પોલીસ માત્ર સબ સલામત હોવાના દાવા કરી રહી છે ત્યારે આજે શહેરમાં ચેન સ્નેચરોએ ફરી એકવાર ગુનો કરી પોલીસના ગાલ પર ચણચણતો તમાચો મારી દીધો છે. ચેન સ્નેચરોએ શહેરના સે-૧૭માં રહેતી રેણુકાબેન દેવેન્દ્રભાઈ પંડયા પોતાના ઘરના આંગણામાં કામકાજ કરી રહ્યા હતા આ દરમિયાન બાઈક પર બે અજાણ્યા શખ્સો મહિલા પાસે આવી ધ્યાન ફેરવી તેના ગળામાંથી આશરે ૧ તોલાનો સોનાનો દોરો ખેંચી પલાયન થઈ ગયા હતા. મહિલાએ બુમાબુમ કરી પરંતુ ક્ષણવારમાં જ બાઈક સવાર બંને શખ્સો ગુમ થઈ ગયા હતા. આ ઘટના અંગે મહિલાએ સે-૨૧ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી ફરાર ચેઈન સ્નેચરોની શોધખોળ હાથ ધરી છે. જેની તપાસ પી.એસ.આઈ. સી.બી. ચૌહાણ ચલાવી રહ્યા છે.

# રાજભવન ખાતે રાજ્યપાલશ્રીના હસ્તે 'વિવાહ સંસ્કાર' પુસ્તકનું વિમોચન

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર કોબા પાસે નારાયણી હાઈટસ, હોટલ એન્ડ કલબ ખાતે શ્રી ગોપીરામ ગૃપ્તા દ્વારા લિખિત વિવાહ સંસ્કાર પુસ્તકનું વિમોચન રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીના વરદહસ્તે કરવામાં આવ્યું હતું.

રાજયપાલશ્રીએ વિવાહ સંસ્કાર પુસ્તકનો -તિભાવ આપતાં જણાવ્યું હતું કે, વિવાહ બે આત્માઓનું મિલન છે. મનુષ્યની પ્રગતિ સહ અસિતત્વ પર નિર્ભર છે. આજે સમાજ અને પરિવારો તૂટતા જાય છે, તે સમાજના વિચારશીલ માણસો માટે મંથન કરવાનો સમય છે. કલ્ચર અને સંસ્કૃતિનું પરિવારોમાં પેઢીઓની પેઢીઓ સુધી વહન થાય છે. વિવાહ સંસ્કાર પુસ્તક એક રેફરન્સ બુક તરીકે એક મૂલ્યવાન પુસ્તક છે, તેવું મતંવ્ય રજૂ કરી રાજયપાલ શ્રી ઓ.પી.કોહલીએ નારાયણ હાઈટસના ચેરમેન શ્રી ગોપીરામ ગૃપ્તાને અભિનંદન આપ્યા હતા.





પુસ્તકના સંપાદક શ્રી ગોપીરામ ગૃપ્તાએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે, દશા અને દિશા વિચારો ઉપર નિર્ભર છે, સમાજ અને પરિવારમાં સંસ્કાર મુખ્ય છે. વિવાહ આત્માઓનું ગઠબંધન છે. સામાજિક નિર્દેશિકાનું આ પ્રકાશન વિમોચન એ મારા જીવનનો યાદગાર પ્રસંગ જણાવી શ્રી ગોપીરામ ગૃપ્તાએ સમાજ ઉપયોગી જાણકારી અને વિવાહશાદીના -સંગે સામાજિક જાણકારી માટે આ પુસ્તક ઉપયોગી બનશે, તેવી આશા વ્યકત કરી હતી.

આ પ્રસંગે નારાયણી હાઈટસના મેનેજીંગ ડિરેકટર શ્રી અજય અગ્રવાલ શ્રી રાજીવ ગુપ્તા, શ્રી સંજય ગુપ્તા સહિત વિશાળ સંખ્યામાં પરિવારજનો અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## ચૌધરી મહિલા કોલેજમાં ઓઝોન-ડે ઉજવાયો

ગાંધીનગર, તા.૨૮

વાતાવરણમાં દિન પ્રતિદિન વધતાં પ્રદુષણના કારણે ઓઝોન સ્તરનું પ્રમાણ ઘટતું જવા પામ્યું છે. ઓઝોન સ્તરની જાળવણી સંદર્ભે ૧૬મી સપ્ટેમ્બરના રોજ આંતરરાષ્ટ્રીય દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ અંગે ગેમી દ્વારા વિવિધ સ્પર્ધાઓ જેવી કે કવીઝ સ્પર્ધા, સ્લોગન સ્પર્ધા, પોસ્ટર મેકીંગ સ્પર્ધા તેમજ વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજની કુલ ૧૮ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. આ તમામ સ્પર્ધકોએ સ્પર્ધામાં ખુબ જ ઉત્કૃષ્ટ દેખાવ રજુ કર્યો હતો તેમજ તેમને આ બદલ સર્ટીફીકેટ પણ એનાયત કરવામાં આવ્યા હતા. આ તમામ કાર્યક્રમનું સંચાલન પ્રાધ્યાપક તારાબેન દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત કોલેજના આચાર્યશ્રી ઉર્મિલાબેને તમામ વિદ્યાર્થીનીઓને સ્પર્ધામાં ભાગ લેવા બદલ અભિનંદન પણ પાઠવ્યા હતા.

# રોજના સવાસોથી વધુ શ્રમજીવી બાળકોને તૃપ્ત કરતો યુવાન

**સે-૬ અપનાબજાર પાસે દાબેલી-વડાપાઉંનો વેપાર કરતો યુવા વેપારી શ્રમજીવી બાળકોને મફત ખવડાવે છે**

**(નિકેશ બ્રહ્મભટ્ટ દ્વારા)**

ગાંધીનગર, તા.૨૮

'તુલસી દસિ સંસાર મેં ભાત ભાત કે લોગ' તુલસીદાસની આ ચોપાઈ પ્રમાણે શહેરમાં એવાપણ સેવાભાવીઓ મોજુદ છે જે કોઈ નામ ના પામવાની ખેવના વગર પોતાની ગાંઠનું ગોપીચંદન કરીને સહજ ભાવે સેવા પ્રવૃત્તિ કરી રહ્યા છે. સેવા કરવા માટે તવંગર હોવું જરૂરી નથી પરંતુ સેવા કરવાની હૃદયમાં ભાવના હોવી જરુરી છે. ગાંધીનગરના ઘ-૨ સર્કલ પાસે અપના બજાર નજીક એક દાબેલી-વડાપાઉંનો વેપાર કરતો યુવાન વેપારી દરરોજના આશરે સવાસોથી દોઢસો દાબેલી-વડાપાઉં શ્રમજીવી પરિવારના બાળકોને મફતમાં ખવડાવે છે તે પણ સતત હસતા મોઢે.

ગાંધીનગર શહેરના સેકટર-૧૩એ પ્લોટ નં. ૫૨૨/૧માં રહેતા અને વિધાનસભામાં ફરજ બજાવીને વયનિવૃત્ત થયેલા બાલકૃષ્ણ કાંબલે





પોતાના પરિવાર સાથે વસવાટ કરે છે. બાલકૃષ્ણનો દિકરો દશરથ કાંબલેએ ધો-૧૨ સુધીનો અભ્યાસ કરેલો છે અને સચિવાલયમાં મંત્રીઓના કાર્યાલયમાં પણ સાત વર્ષ સુધી નોકરીની સેવા બજાવી છે પરંતુ મનમાં હંમેશા કંઈક કરી છુટવાની ભાવના હોવાથી નોકરી છોડી દીધી. ત્યારબાદ ઘ-૨ સર્કલ પાસે પોતાનો દાબેલી-વડાપાઉંનો વ્યવસાય ચાલુ કર્યો. નાનકડી રીક્ષામાંથી શરૂ કરેલો વેપાર અત્યારના સમયે વટવૃક્ષ બની ગયો છે. ઘ-૨ અપના બજાર પાસે છેલ્લા ૧૨ વર્ષથી વેપાર કરતા દશરથને વિચાર આવ્યો કે તેમની આસપાસના વિસ્તારમાં સેંકડો શ્રમિક પરિવારો વસવાટ કરે છે તેમના બાળકો શું ખાતા હશે-ભુખ્યા રહેતા હશે. બસ તેમના આ વિચાર માત્રથી તેમનું હૃદય દ્રવી ઉઠયું ત્યારથી આ યુવાને સેવાનું કાર્ય શરૂ કર્યું. આસપાસના વિસ્તારમાં કોઈ બાળક રાત્રે ભૂખ્યું રહેશે નહિ તેનો નિર્ધાર કરતાં તેઓ જાતે આસપાસના વિસ્તારમાં ફરતા અને બાળકોને હેતથી દાબેલી-વડાપાઉં ખવડાવતા. અત્યારે હાલના સંજોગોમાં દશરથ કાંબલે અને બાળકોને એટલી આત્મીયતા થઈ ગઈ છે કે તેઓ ના આવે તો તેમને ચેન પડતું નથી. બપોરે ૩ વાગ્યાથી રાત્રીના દશ વાગ્યા સુધીમાં કોઈ પણ શ્રમિક પરિવારનું બાળક આવે એટલે તેમને દાબેલી કે વડાપાઉં જે ખાવું હોય તે મળી જાય. દશરથભાઈના સેવાકાર્યમાં તેમના કારીગરો પણ જોડાયેલા છે. તેઓ પણ બાળકને જોતાવેંત દાબેલી બનાવીને તુરંત ગ્રાહક પહેલા તેમને આપે છે. દશરથભાઈનું કહેવું છે કે બાળકોને ખવડાવવાથી મને પુણ્ય મળ્યું છે એટલે કદાચ મારો ધંધો સારો ચાલે છે. નાની રીક્ષામાંથી છોટા હાથી ટેમ્પો સુધી પહોંચ્યો છું. મારા કારીગરો પણ મારા ભાઈ સમાન છે તે બધાની મહેનત રંગ લાવી છે. આ સેવાયજ્ઞથી પણ વધુ કંઈક કરવાની મહેચ્છા છે. આ યુવાનને રામ રોટી પોતાના પૈસાથી ખોલીને શહેરમાં ફરી ફરીને શ્રમિક પરીવારોના ભૂખ્યા ફરતા બાળકોને હેતથી જમાડવાની ઈચ્છા છે. શહેરના યુવાન દશરથ કાંબલે જેવો વિચાર દરેક વ્યકિતને સ્ફુરે તો કદાચ કોઈ વ્યકિત રાત્રે ભૂખ્યું ન સુવે. દશરથભાઈના આ સેવાયજ્ઞને સલામ છે.

## આર.એન. પટેલ પ્રાથમિક શાળામાં વાલી ચિંતન શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૨૮

શ્રીમતી આર.એન. પટેલ પ્રાથમિક શાળાના ધોરણ-૬ના બધા જ વર્ગોની વાલી મિટીંગનું શનિવારે આયોજન કરેલ હતું. જેમાં સારી એવી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીના હિતલક્ષી બાબતોનું આદાન પ્રદાન થયું હતું. કાર્યક્રમના પ્રારંભે વાલીઓનું ઉમળકાભેર શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમજ ધો-૬ના કેટલાક વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરેલ બે નૃત્યગીતો રજુ કરાયા હતા ત્યારબાદ શાળાના સુપરવાઈઝર અશોકભાઈ પટેલે વાલીઓને શાળાકીય બાબતો પર ઉપયોગી અને પ્રેરક વાતો કરી હતી. અત્રે લેવાતી માસિક નિબંધલક્ષી પરીક્ષાનું મહત્વ, સ્વચ્છતા, આરોગ્ય, ગણવેશ અને પૌષ્ટિક નાસ્તા માટે આગ્રહ રાખવા બાબતે ખાસ ભાર મૂકયો હતો. ઈતર પ્રવૃત્તિઓ તેમજ તેજસ્વી વિદ્યાર્થીઓને મળતા પારિતોષિક, ફી માફી અને રોકડ ઈનામની સમજ આપી હતી. અભ્યાસની સાથે સાથે બાળકોના સર્વાંગી વિકાસ થાય તે માટે આખા વર્ષની વિવિધ પ્રવૃત્તિઓથી વાલીઓને વાકેફ કર્યા હતા તેમજ બાળકોને આ માટે ઘરેથી પૂર્વ તૈયાર કરાવી શકાય તેની જાણ કરી હતી. અંતે વાલીઓના અભિપ્રાય તેમજ સૂચનો-ફરિયાદોનું આદાન પ્રદાન કરી સફળ કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

## ચિરવિદાય

- સ્વ. પટેલ સુરેશભાઈ રણછોડભાઈ, ઉ.વ. ૫૩
- સ્વ. શુભદ્રાબેન દિલીપસિંહ ચાવડા, ઉ.વ. ૯૩
- સ્વ. રામીબેન સકરચંદ પ્રજાપતિ, ઉ.વ. ૮૮